મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૪ ટકા

**ગાંધીનગર તાપમાન**

# મહાનગર વિસ્તારમાં હર-ઘર તિરંગાનો મેયર તથા ધારાસભ્ય દ્વારા શુભારંભ







ગાંધીનગર, તા.૧૩

આજે વોર્ડ ૧૦ સમાવિષ્ટ સેક્ટર -૬ ખાતે હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત મેયર હિતેશભાઈ મકવાણા, પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, ડે. મેયર પ્રેમલસિહ, સ્ટે. ક. ચેરમેન જશુભાઈ, મહામંત્રીઓ, પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), ભાજપના હોદેદારો, કાઉન્સિલરો પોપટસિંહ, મીરાબેન, યોગેશભાઈ પટેલ, યોગેશભાઈ નાયી તથા વસાહતીઓ હર ઘર તિરંગા કાર્યક્રમમાં જોડાયા. રાષ્ટ્રીય ગીત (ઝંડા ગીત)નું સમૂહ ગાન કરીને રાષ્ટ્રધ્વજ તિરંગાનું ગુલાબની પાંખડીઓ દ્વારા પૂજા કરીને સન્માન સાથે હર ઘર તિરંગા લગાવવાનો ધારાસભ્ય રીટાબેન પટેલ અને મેયર હિતેશભાઈ મકવાણાના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ આપેલા હર ઘર તિરંગા કાર્યક્રમને સમગ્ર દેશમા જબરદસ્ત સફળતા મળી રહી છે..ભાજપના કાર્યકર્તાઓ, શુભેચ્છકો અને સમર્થકો દેશ ભક્તિના રંગે રંગાઈ રહ્યા છે ત્યારે મનુષ્ય તો સમજાય કે રંગાય પણ મહાકાય પ્રાણી એટલે હાથી ગજાનંદરુપી ગણેશ પણ આમા બાકાત નથી જેટલી વિરાટ કાર્યકર્તાઓની ફોજની પાર્ટી ભાજપ એટલો જ વિરાટ પ્રાણી એટલે કે એરાવત ગજાનન..પણ કેમ બાકી રહે!...મહાવતની હાથી પર સવારી એના હાથમા ભારત માતાનો ધ્વજ....ખરેખર અદભૂત સંયોગ... વોર્ડ -૭મા આ સંયોગનો લાભ મળ્યો. મહાનગરના ઉપાધ્યક્ષ મહીપતભાઈ મિસ્ત્રી, નગર સેવક શૈલેષભાઈ પટેલ કચરાજી ગોલ, મનસુખભાઈ પ્રજાપતિ, સુબોધકાંત ચૌધરી, યુસુફભાઈ શેખ, જીગર પટેલ અને કાર્યકર્તાઓ અને ગ્રામજનોને આ અદભૂત સંયોગનો લાભ મળ્યો હતો.


# ડભોડાના યુવાનની દેશના વીર સૈનિકો પ્રત્યે અનોખી દેશભક્તિ જોવા મળી

## યુવાને જન્મદિવસે કંથારપુરા ગામમાં શહીદ વીરના પરિવારને ૫૦,૦૦૦ની સહાય કરીને દુઃખમાં સહભાગી થયા

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ ડભોડા ગામના એક યુવાનની દેશના વીર સૈનિકો પ્રત્યેની અનોખી દેશભક્તિ જોવા મળી હતી. ડભોડા ના સુરભા ઠાકોર (દ્વારકેશ જ્વેલર્સ ડભોડા) એ પોતાના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરી હતી. કંથારપુરા ગામમાં દોઢ વર્ષ પૂર્વે આર્મીમાં શહીદ થયેલા વીર જવાનના પરિવારને રૂપિયા ૫૦ હજાર ની આર્થિક મદદ કરીને તેમના દુઃખમાં સહભાગી થયા હતા. જન્મદિવસની ઉજવણી આજના સમયમાં કોઈના દુઃખમાં સહભાગી થઈને કરવી એક અનોખી મિસાલ છે. કંથારપુરા ગામમાં રહેતા જયદીપસિંહ રૂપસિંહ સોલંકી ખૂબ જ નાની વયે આર્મીમાં જોડાયા હતા. ગત તારીખ ૨૧-૧૦-૨૦૨૧ ના રોજ બીમારીના કારણે આ યુવાન લખનઉ ખાતે શહીદ થઈ ગયા હતા. જેમના અંતિમ સંસ્કાર ગાર્ડ ઓફ ઓનર સાથે કંથારપુરા ગામમાં કરવામાં આવ્યાં હતા.જયદીપસિંહ ને પરિવારમાં ત્રણ દીકરીઓ માતા-પિતા તથા તેમના ધર્મપત્ની છે. પિતાની ઉંમર વૃદ્ધાવસ્થાએ પહોંચી હોવાથી પરિવારના ગુજરાન માટે આર્થિક મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડતો હોય છે. સુરભા ઠાકોરને આ શહીદ વીરના પરિવાર વિશે જાણ થતા તેમને મદદ કરવા કંથારપુરા ગામે પરિવારના ઘરે પહોંચ્યા હતા અને જયદીપસિંહ માતા-પિતા તથા પત્ની જનકબાના હાથમાં આ સહાય સુપરત કરી હતી. વીર જવાનને હિમાંશી, તુષાબા તથા હિનલ નામે ત્રણ દીકરીઓ છે જે હાલમાં અભ્યાસ કરી રહી છે. આ સહાયથી દીકરીઓના અભ્યાસ માટે ખૂબ જ મદદરૂપ થશે એમ સુરભા ઠાકોરે જણાવ્યું હતું. આજના સમયમાં આવી વિચારસરણી અને આર્થિક સહાયની ભાવના રાખતા લોકો ખૂબ જ જુજ જોવા મળે છે. શહીદ વીર જયદીપસિંહ સોલંકીના પરિવારે સુરભા ઠાકોર નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો. દેશ માટે સૈનિકો બોર્ડર ઉપર ફરજ બજાવે છે જ્યારે સમાજ માટે સુરભા જેવા સમાજ સેવકો આવી રીતે ફરજ બજાવીને ખૂબ જ મોટું ઉદાહરણ પૂરું પાડે છે. શહીદ પરિવારને મદદ કરવા માટે સુરભા ઠાકોર સાથે વિજુભા સોલંકીની પણ હાજરી રહી હતી.




# લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના તથા SCIA સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલના સહયોગ થી નિઃશુલ્ક મેડિકલ કેમ્પ સંપન્ન



ગાંધીનગર, તા.૧૩

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના તથા SCIA સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલના સહયોગ થી ચાર દિવસીય નિઃશુલ્ક મેડિકલ ચેકપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ મેડિકલ ચેકઅપ કેમ્પમાં હૃદયરોગ નિદાન, હાડકાંના રોગો , નાક, કાન તથા ગળાના રોગનું નિદાન તથા બ્લડ રિપોર્ટનું આયોજન કરવામાં આવેલ. કેમ્પ માં ખૂબ મોટી સંખ્યામાં ફેમીના મેમ્બર્સ ઉપસ્થિત રહેલ તથા કેમ્પ નો લાભ લીધેલ. આ કેમ્પ હૃદયને લગતા ટેસ્ટ - ઈકો, ઈસીજી તથા ટીએમટી વગેરે કરવામાં આવેલ. SCIA હોસ્પિટલના જાણીતા હાર્ટ સ્પેશ્યાલિસ્ટ ડૉ. બોની ગર્જ્જર દ્વારા તેનુ સચોટ નિદાન કરવામાં આવેલ. ઈએનટી સ્પેશ્યાલિસ્ટ ડૉ. દેવી ગર્જ્જર દ્વારા નાક, કાન, ગળાના રોગોની તપાસ કરવામાં આવેલ તથા નિદાન કરવામાં આવેલ. ઓર્થોપેડીક ડૉ. સન્ની દ્વારા સચોટ નિદાન કરવામાં આવેલ તથા ડાયાબીટીસની તપાસ પણ કરવામાં આવી હતી. આ કેમ્પ ડૉ. બોની ગર્જ્જર, ડૉ. દેવી ગર્જ્જર તથા તેમની ટીમની કામગીરી ખૂબ જ સરાહનીય અને લાગણીથી ભરપૂર હતી. તેમના સ્ટાફનો પણ ખૂબ જ આત્મીય સહયોગ મળેલ. ફેમીના ક્લબના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તથા મોટી સંખ્યામાં બહેનોએ હાજર રહીને નિઃશુલ્ક કેમ્પનો લાભ લીધેલ.

આ કેમ્પમાં વ્યક્તિદીઠ લગભગ રુ.૫૫૦૦/- થી વધારે ખર્ચ થાય એવા બધા જ ટેસ્ટ તદ્દન મફતમાં કરવામાં આવેલ તથા ડૉક્ટરો દ્વારા મફત સારવાર કરી આપવામાં આવી હતી .આ કેમ્પ ને સફળ બનાવવા પ્રમુખ ચંદાબેન યાદવ, સેકેટરી ભૂમીબેન જોગાણી, કમીટી મેમ્બર્સ ગીતાબેન પટેલ, મીતલબેન રાણા, કાનનબેન પટેલ, મીનાક્ષીબેન જયસિંધાની તથા ક્રીનાબેન સુતરીયા એ ખૂબ જહેમત ઉઠાવેલ. પ્રમુખશ્રી દ્વારા આવા ઉપયોગી મેડિકલ કેમ્પના સહયોગ બદલ હોસ્પિટલ મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કરેલ. આટલા મોંઘા મેડિકલ ટેસ્ટ નિઃશુલ્ક કરવા બદલ સૌ મેમ્બર્સ દ્વારા પ્રમુખ ચંદાબેન યાદવનો દિલથી આભાર માનવામાં આવેલ.

# પંચમ ગ્રૃપને વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ લંડને એચીવમેનટ આપી સન્માનયા



સંગીતની સફરના ૨૫ વર્ષ પુરાની કદર રૂપે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડને વિપુલ પંછીવાલા પંચમને એચીવમેનટ સર્ટિફિકેટ સંસ્થાના ગુજરાત અધ્યક્ષ ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી એડવોકેટે અર્પણ કરેલ આ પ્રસંગે ગાંધીનગરના મુખ્ય જીલ્લા સરકારી વકિલ હિતેષ રાવલ, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય શંકરસિંહ ગોહિલ, જાણીતા ગાયક જયકર ભોજન, દર્શના વ્યાસ, અમન સાંથલ, કાજલ મહેરીયા, પૃવિણ સોલંકી તથા અન્ય જાણીતા કલાકારો એ ઉપસ્થિત રહી વિપુલ પંછીવાલાને અભિનંદન પાઠવ્યા હતા.




શ્રી સ્વામિનારાયણ વિશ્વ મંગલ ગુરુકુળ કલોલ સંચાલિત, સ્વામિનારાયણ યુનિવર્સિટી માં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલીસી ૨.૦ અંતર્ગત ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ના હસ્તે અમદાવાદ નોલેજ કન્સોર્ટિઅમ ઓફ ગુજરાત માં આયોજિત કાર્યક્રમમાં ગ્રાન્ટ વિતરણ કરવામાં આવી હતી.

વિશેષમાં જણાવવાનું કે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલીસી અંતર્ગત થયેલ MOU અંતર્ગત સ્વામીનારાયણ યુનિવર્સિટી ખાતે આવનાર પાંચ વર્ષ સુધી વિવિધ પ્રકારના સ્ટુડન્ટ અને ઈનોવેશનને સંલગ્ન કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. તેમજ વિદ્યાર્થીઓના ઈનોવેટીવ આઈડિયાઝને પ્રોત્સાહન આપી અને વિવિધ પ્રકારના સંશોધનોમાં મદદરૂપ થવાના હેતુથીસ્વામિનારાયણયુનિવર્સિટી ખાતે ઈનોવેશન સેલનું ઉદઘાટન કરવામાં આવશે .જેમાં સંશોધન સંલગ્ન વિવિધ પ્રકારના સંસાધનો થી સુસર્જ અઘતન લેબોરેટરી વિદ્યાર્થીઓને સુરપત કરવામાં આવશે. જે થકી આપણા લોકલાડીલા ગુજરાતના પાનોતા પુત્ર માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું સ્વપ્ન "યુવા શક્તિ થકી ભારત દેશ ને વિશ્વગુરુ બનાવવા"સાકાર કરવા યુનિવર્સિટી દ્વારા આ પ્રકારનું વિશેષ આયોજન ગુજરાત સરકારના સહયોગથી કરવામાં આવનાર છે.



ભજન કીર્તન કીટ વિતરણ : સેક્ટર ૨૪ શ્રીનગર સોસાયટીમાં અંબે માતા મંદીરે મહિલા ભજન મંડળમાં વોર્ડ ૩ કોર્પોરેટર શ્રીમતી સોનાલીબેન પટેલ દ્વારા ભજન કીર્તનની કીટ શ્રાવણ મહિનાના શરૂઆતમાં આપવામાં આવી હતી.

### સોમવારે મુખ્યમંત્રીશ્રી કાર્યાલયે મુલાકાત નહીં આપે

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની રાજયકક્ષાની વલસાડ ખાતે થનારી ઉજવણી અંતર્ગત ધ્વજવંદન તેમજ વિકાસકામોના લોકાર્પણ ખાતમુહર્ત કાર્યક્રમોમાં સહભાગી થવા સોમવાર ૧૪ ઓગસ્ટે સવારે વલસાડ જશે. જેથી સોમવારે કાર્યાલય ખાતે લોકોને, જનપ્રતિનિધિઓને તેમજ પદાધિકારીઓને મુલાકાત માટે મળી શકશે નહિ.

### સે-૨૨ વાસ્તુનિર્માણ સોસાયટી ખાતે સ્વાતંત્રય પર્વની ઉજવણી કરાશે

તા.૧૫ ઓગષ્ટના રોજ, સેક્ટર-૨૨, વાસ્તુનિર્માણ સોસાયટી, સરકારી બગીચામા, ગાંધીનગર ખાતે સમય સવારે ૮=૦૦ કલાકે સ્વાતંત્ર્ય દિન ઉજવણી નિમિત્તે આયોજિત ધ્વજ વંદન અને અન્ય જાહેર કાર્યક્રમમા ઉપસ્થિત રહી આપણા રાષ્ટ્રના સન્માન અને ગૌરવ વધારવા શ્રી અનિલ કક્કડએ શહેરના સુજ્ઞ નાગરિકોને અપીલ કરી છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પંડ્યા પાર્થિવકુમાર પ્રતાપરાય ઉ.વ.૫૮, કૃષ્ણનગર, અમદાવાદ
- સ્વ.ચાવા સવિતાબેન મનસુખભાઈ ઉ.વ.૮૨, ગાંધીનગર
- સ્વ.રાઠોડ દિગ્વિજય ભરતસિંહ ઉ.વ.૩૨, ગાંધીનગર

## જન્મદિને વધામણી



દિનેશકુમાર બલદેવભાઇ પટેલ
મો. ૯૮૨૪૯ ૬૭૦૫૫



પ્રકાશ એસ અયાચી
મો. ૯૯૨૪૮ ૨૩૭૦૪



હેમંત દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪



ભગવતીપ્રસાદ જી રાવલ
મો. ૯૯૭૮૧ ૬૭૬૮૮



હર્ષિત તરૂણકુમાર શુક્લ
મો. ૮૨૦૦૯ ૯૦૬૩૩




વાઘેલા કિરણસિંહ
મેનેજર - મુક્તિધામ, ગાંધીનગર, રેડક્રોસ - ગાંધીનગર



શાહ જૈનિકા જૈનેષભાઈ
મો. ૭૮૫૯૯ ૫૮૭૬૭



ઠાકોર તમન્ના દિલિપભાઈ



ઠાકોર સેજલ અલ્પેશજી